# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 25-04-2024 Midday : 1.20 to 1.30
Day : THURSDAY National News

**આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.**

*************************************************

- લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં 13 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની 88 લોકસભા બેઠકો પર આવતીકાલે મતદાન યોજાશે
- લોકસભા ચૂંટણીના ચોથા તબક્કાની 10 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની કુલ 96 બેઠકો માટે ઉમેદવારી પત્ર ભરવાનો આજે અંતિમ દિવસ
- રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોવાલે કહ્યું છે કે ભારત આતંકવાદીઓ અને ગુનેગારો દ્વારા માહિતી અને પ્રત્યાયન ટેક્નૉલોજીના ઉપયોગને રોકવા માટે સહકાર ચાલુ રાખશે
- અમેરિકાના રાષ્ટ્રપતિ ટિક ટોક એપ પર પ્રતિબંધ મુકતા ખરડા પર કર્યા હસ્તાક્ષર
- હવામાન વિભાગે આગામી ચાર દિવસમાં દેશના પૂર્વીય અને દક્ષિણ ભાગોમાં હીટવેવની આગાહી વ્યક્ત કરી
-

********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV-SECOND-PHASE-ELECTION

લોકસભા ચૂંટણીના બીજા તબક્કા માટેના પ્રચાર પડઘમ ગઇકાલે શાંત થયા છે. આ તબક્કા માટે આવતીકાલે મતદાન યોજાશે.

જેમાં બાહ્ય મણિપુર લોકસભા મતવિસ્તારના બાકીના ભાગ સહિત 13 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની 88 લોકસભા બેઠકો માટે ચૂંટણી યોજાશે. કેરળની 20 બેઠકો, કર્ણાટકની 14 બેઠકો, રાજસ્થાનની 13 બેઠકો, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રની આઠ-આઠ બેઠકો, મધ્ય પ્રદેશની છ બેઠકો, આસામ અને બિહારની પાંચ-પાંચ બેઠકો, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢની ત્રણ-ત્રણ બેઠકો અને મણિપુર, ત્રિપુરા અને જમ્મુ-કાશ્મીરમાં એક-એક બેઠક આ તબક્કામાં મતદાન થશે.

મધ્યપ્રદેશના બેતુલ સંસદીય મતવિસ્તાર માટે મતદાન જે બીજા તબક્કામાં નિર્ધારિત હતું તે હવે BSP ઉમેદવારના નિધનને કારણે ત્રીજા તબક્કામાં યોજાશે.

આ તબક્કામાં 13 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના કુલ એક હજાર 198 ઉમેદવારો અને આઉટર મણિપુર લોકસભા મતવિસ્તારના ચાર ઉમેદવારો મેદાનમાં છે.

# REV. PM-MP VISIT

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભાજપ 'સબકા સાથ, સબકા વિકાસ'ના મંત્ર પર ચાલનારી પાર્ટી છે. ભાજપ માટે દેશથી મોટું કંઈ જ નથી.

મધ્યપ્રદેશના મુરેનામાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ભાજપના ઉમેદવારના સમર્થનમાં સભાને સંબોધતા મોદીએ કહ્યું કે સરકાર જાતિ અને ધર્મના કોઈપણ ભેદભાવ વિના કરોડો જરૂરિયાતમંદ લોકોને મફત રાશન આપી રહી છે. તેમણે કહ્યું કે, સરકારે 4 કરોડ ગરીબોને કાયમી ઘર આપ્યા.

કોઈપણ ભેદભાવ વિના દરેક ધર્મના લોકોને આ મકાનો આપવામાં આવ્યા છે. એ જ રીતે 11 કરોડ ઘરોને પીવાના પાણીના જોડાણ આપવામાં આવ્યા હતા શ્રી મોદીએ કહ્યું કે સરકારની રચનાથતાં જ વન રેન્ક વન પેન્શનની માંગ લાગુ કરવામાં આવી હતી..

# REV KERALA - POLLS

કેરળની તમામ 20 લોકસભા બેઠકો માટે આવતીકાલે એક જ તબક્કામાં મતદાન થશે. જે અંતર્ગત  ચૂંટણીને લગતી તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે.

રાજ્યની મોટાભાગની બેઠકો પર ભારતીય જનતા પાર્ટીની આગેવાની હેઠળના નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ, કોંગ્રેસની આગેવાની હેઠળના યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ અને કોમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઈન્ડિયા (માર્કસવાદી)ની આગેવાની હેઠળના લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ વચ્ચે ત્રિકોણીય મુકાબલો થવાની સંભાવના છે.

# LOKSABHA Nomination

લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે ઉમેદવારી પત્રો ભરવાનો આજે અંતિમ દિવસ છે. આવતીકાલે ઉમેદવારીપત્રોની ચકાસણી કરવામાં આવશે અને 29મી એપ્રિલ સુધીમાં ઉમેદવારી પત્રો પરત ખેંચી શકાશે.

આગામી 13મી મેએ ચોથા તબક્કામાં 10 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની કુલ 96 લોકસભા બેઠકો પર મતદાન થશે. જેમાં ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર, ઝારખંડ, ઓડિશા, પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ, તેલંગાણા અને જમ્મુ અને કાશ્મીરનો સમાવેશ થાય છે.

# NCP(SP) – MANIFESTO

શરદ પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીએ આજે પુણેમાં તેનો ચૂંટણી ઢંઢેરો બહાર પાડ્યો, જેમાં જાતિ ગણતરીની તરફેણ, ખેડૂતોના કલ્યાણ માટે અલગ કમિશન, એપ્રેન્ટિસશીપનો અધિકાર અને નોકરીઓમાં મહિલાઓ માટે 50 ટકા અનામતનું વચન આપવામાં આવ્યું છે.

પક્ષે કહ્યું હતું કે તે જમ્મુ કાશ્મીરને સંપૂર્ણ રાજ્યનો દરજ્જો અને 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી'ના વિચારને નકારે છે. શપથનામા નામના ચૂંટણી ઢંઢેરામાં CAA, NRC, UAPA અને અન્ય કાયદાઓની પક્ષ સમીક્ષા કરશે અને તેમાં ફેરફારનો પ્રસ્તાવ મૂકશે તેમ જણાવાયું છે.

# DOVAL-RUSSIA

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર – NSA અજીત ડોભાલે ભારપૂર્વક કહ્યું છે કે ભારત આતંકી ફંડિગના વિરોધ માટે આતકંવાદીઓ તેમજ ગુનેગારો દ્વારા માહિતી અને પ્રત્યાયન ટેક્નૉલોજીના દુરઉપયોગને રોકવા માટે સહકાર ચાલુ રાખશે. અજીત ડોભાલે રશિયાના સેન્ટ પિટ્સબર્ગમાં સુરક્ષા બાબતો માટે જવાબદાર ઉચ્ચ અધિકારીઓની 12મી આંતરરાષ્ટ્રીય બેઠકમાં ભાગ લેતા આ વાત કરી હતી. આ પ્રસંગે તેમણે બ્રાઝિલના રાષ્ટ્રપતિના મુખ્ય સલાહકાર સેલ્સો અમોરિમ સાથે દ્વીપક્ષી બેઠક કરી હતી. બેઠક દરમિયાન પરસ્પરના હિતો, પ્રાદેશિક તેમજ વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી.

# Bangladesh

બાંગ્લાદેશે સરહદ પાર આશરો લીધેલા મ્યાનમારના સુરક્ષા દળોના 288 સભ્યોને પરત મોકલ્યા છે. આ જૂથમાં મ્યાનમાર બોર્ડર ગાર્ડ પોલીસ (BGP), લશ્કર અને ઈમિગ્રેશન યુનિટના સભ્યો સામેલ હતા.

બાંગ્લાદેશના બોર્ડર ગાર્ડ (બીજીબી) અનુસાર, બાંગ્લાદેશ ઇનલેન્ડ વોટર ટ્રાન્સપોર્ટ ઓથોરિટીએ આ કાર્યવાહી કરી હતી. આ લોકોને મ્યાનમાર BGPને સાવચેતીપૂર્વક તબક્કાવાર રીતે સોંપવામાં આવ્યા હતા. અગાઉ મ્યાનમાર સત્તાવાળાઓએ પરત ફરનારાઓની ઓળખની પુષ્ટિ કરી અને તેમના તમામ દસ્તાવેજો તપાસ્યા હતા.

# RS – OATH

રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડે આજે સંસદ ભવનમાં રાજ્યસભાના ચૂંટાયેલા સભ્યોને શપથ લેવડાવ્યા હતા. તેમણે દેવેન્દ્ર પ્રતાપસિંહ, તેજવીર સિંહ અને મહેન્દ્ર ભટ્ટને શપથ લેવડાવ્યા.

# AAP- PROTEST

આમ આદમી પાર્ટીએ આજે કથિત રીતે દિલ્હી એક્સાઇઝ પોલિસી કૌભાંડમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ સામે નવી દિલ્હીમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું. પાર્ટી 'જેલ કા જવાબ વોટ સે' ના નારા હેઠળ પ્રચાર કરીરહી છે અને આજે લોકસભા ચૂંટણી માટે તેનું પ્રચાર ગીત લોન્ચ કરશે.

દરમિયાન, એક પત્રકાર પરિષદમાં વરિષ્ઠ નેતા અને સાંસદ સંજય સિંહે મુખ્યમંત્રી કેજરીવાલ વિરુદ્ધ ષડયંત્ર રચવામાં આવી રહ્યું હોવાનો આરોપ લગાવ્યો હતો.

# REV. PM- MP RAJVEER DEATH

ઉત્તર પ્રદેશની હાથરસ લોકસભા બેઠકના ભાજપના સાંસદ રાજવીર સિંહ દિલેરનું ગઇકાલે હૃદયરોગના હુમલાથી અવસાન થયું છે. તેઓ 65 વર્ષના હતા.

તેમના નિધન અંગે શોક વ્યક્ત કરતાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ શ્રી દિલેરે ઉત્તર પ્રદેશના લોકોના વિકાસ માટે સતત કામ કર્યું હોવાનું કહ્યું હતું.

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે લોકશાહી મૂલ્યો પ્રત્યે શ્રી દિલેરની પ્રતિબદ્ધતા અને લોકોના કલ્યાણ માટે નિઃસ્વાર્થપણે કામ કરવાની તેમની ક્ષમતાએ કાયમી અસર છોડી હોવાનું જણાવ્યુ હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ તેમના શોક સંદેશમાં તેઓ શ્રી દિલેરના અકાળ અવસાનથી પક્ષને મોટી ખોટ પડી હોવાનું કહ્યું હતું. શ્રી મોદીએ કહ્યું કે તેઓને પાયાના સ્તરે તેમના કામ માટે હંમેશા યાદ કરવામાં આવશે.

# US _ TIK TOK BAN

અમેરિકના રાષ્ટ્રપતિ જો બાઇડને ટિક ટોક એપ પર રોક લગાવતા ખરડા પર હસ્તાક્ષર કરી દીધા છે. નવા કાયદા પ્રમાણે ચીનની ByteDance કંપનીને સમય અપાયો છે.

આ દરમિયાન કંપનીને અમેરિકી કંપનીઓને ટીક ટોક એપ વેચવાની તેમજ તેને બજારમાંથી હટાવી લેવાનું કહેવાયું છે. ચીન સરકાર દ્વારા આ એપના ડેટોનો ઉપયોગ થતો હોવાની ચિંતાને જોતા અમેરિકી સરકારે આ પગલું લીધું છે. બુધવારે અમેરિકાની સંસદે આ ખરડાને માન્યતા આપી હતી.

ટિક ટોકે આ કાયદાને ગેરબંધણીય ગણાવતા તેને કોર્ટમાં પડકારવાની વાત કહી છે. આ ઉપરાંત અમેરિકી સંસદે યુક્રેન, ઇઝરાયેલ તેમજ અન્ય દેશોને આર્થિક સહાય અંગેના એક ખરડાને પણ મંજૂરી આપી દીધી છે.

# IMD---HEAT-WAVE

હવામાન વિભાગે  આગામી પાંચ દિવસ દરમિયાન પૂર્વ અને દક્ષિણ દ્વીપકલ્પના વિસ્તારોમાં  હિટવેવની સ્થિતિ ચાલુ રહેવાની શકયતા વ્યક્ત કરી છે.

ઓડિશા અને પશ્ચિમ બંગાળના કેટલાક વિસ્તારો, સિક્કિમ અને કર્ણાટકના આંતરિક વિસ્તારો માં  તીવ્ર હીટવેવની સ્થિતિ પ્રવર્તે તેવી શક્યતા છે. બિહાર, ઝારખંડ, તટીય આંધ્રપ્રદેશ, તેલંગાણા અને પૂર્વ ઉત્તર પ્રદેશમાં હીટ વેવની સ્થિતિ યથાવત રહેશે. આ દરમ્યાન મધ્ય અને પૂર્વ ભારતમાં મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા છે.

બીજી તરફ અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. આગામી શનિવાર અને રવિવારે પૂર્વોત્તર ભારતમાં વાવાઝોડાં અને તોફાની પવનો સાથે ભારે વરસાદની પણ શક્યતા છે.

# DELHI _ TEMP

આજે દિલ્હીમાં લઘુત્તમ તાપમાન 20 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જે સરેરાશ કરતા ત્રણ ડિગ્રી ઓછું છે. હવામાન વિભાગે કહ્યું છે કે દિલ્હીમાં આજે સવારે ભેજનું પ્રમાણ 49 ટકા હતું. દિવસના સમયમાં ઝડપી પવન ફૂંકાવવાની સંભાવના વ્યક્ત કરાઈ હતી. આ પૂર્વે દિલ્હીમાં મહત્તમ તાપમાન 38 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

# FUR REV TELANGANA- up ACCIDENTS

તેલંગાણામાં, અલગ-અલગ સ્થળોએ થયેલા માર્ગ અકસ્માતમાં કુલ દસ લોકોના મોત થયા છે. વારંગલ-ખમ્મામ હાઇવે પર ખાનગી બસ સાથે બાઇક અથડાતાં ચાર યુવકોના મોત થયા હતા. જ્યારે સૂર્યપેટ જિલ્લાના દુર્ગાપુરમ સ્ટેજ પર આજે વહેલી સવારે ટ્રક સાથે કાર અથડાતાં છ લોકોના મોત થયા હતા અને ચાર લોકો ઇજાગ્રસ્ત થયા હતા. મૃતકોમાં બે મહિલા અને એક બાળકનો સમાવેશ થાય છે.

દરમિયાન ઉત્તર પ્રદેશમાં પણ ફેફના-બક્સર હાઈવે પર થયેલા અકસ્માતમાં ચાર લોકોના મોત થયા હતા અને એક વ્યક્તિ ઇજાગ્રસ્ત થઈ હતી. એક કાર અન્ય વાહનને ઓવરટેક કરતા ઝાડ સાથે અથડાતા અકસ્માત થયો હતો.